દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૨. તા. ૦૫.૦૬.૨૦૨૫

**સિટી એન્કર** ફાઈનલ સહિત 9 મેચ વખતે 15 લાખે મુસાફરી કરી, મેટ્રોને 2.16 કરોડ આવક થઈ

# IPL ફાઈનલના એક દિવસમાં મેટ્રોમાં સૌથી વધુ 2.13 લાખ પેસેન્જર નોંધાયા, કોલ્ડ પ્લે વખતે રેકોર્ડબ્રેક 2.16 લાખે મુસાફરી કરી હતી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મોદી સ્ટેડિયમમાં 3 જૂને રમાયેલી આઈપીએલની ફાઈનલ મેચ જોવા મોટી સંખ્યામાં પ્રેક્ષકો પહોંચ્યા હતા. મંગળવારે એક જ દિવસમાં 2.13 લાખ પેસેન્જરોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. અત્યાર સુધીમાં મેટ્રોમાં મુસાફરી કરનારા પેસેન્જરોની આ સેકન્ડ હાઈએસ્ટ સંખ્યા છે. આઈપીએલની ચાલુ સિઝન દરમિયાન અમદાવાદમાં ફાઈનલ સહિત કુલ 9 મેચ રમાઈ હતી. જેમાં 15 લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. જેથી મેટ્રોને 2.16 કરોડની આવક થઈ છે. 25 જાન્યુઆરીએ મોદી સ્ટેડિયમમાં યોજાયેલ કોલ્ડ પ્લે કોન્સર્ટ સમયે સૌથી વધુ 2.16 લાખ લોકોએ મુસાફરી કરી હતી જે એક રેકોર્ડ છે.

**ફાઈનલ દરમિયાન દર પાંચ મિનિટે મેટ્રો દોડાવાઈ હતી**



| તારીખ | પેસેન્જર | આવક |
|---|---|---|
| 25-3-2025 | 159923 | 21.74 લાખ |
| 29-3-2025 | 183618 | 30.90 લાખ |
| 9-4-2025 | 172248 | 24.15 લાખ |
| 19-4-2025 | 165551 | 19.43 લાખ |
| 2-5-2025 | 197388 | 29.90 લાખ |
| 22-5-2025 | 121475 | 17.51 લાખ |
| 25-5-2025 | 148192 | 18.09 લાખ |
| 1-6-2025 | 145654 | 22.31 લાખ |
| 3-6-2025 | 213336 | 32.12 લાખ |

ગુજરાત મેટ્રોના અધિકારીએ જણાવ્યું કે, શહેરમાં મેટ્રો શરૂ થઈ ત્યારથી તેમાં મુસાફરી કરનારા પેસેન્જરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. તેની સાથે મોદી સ્ટેડિયમમાં યોજાતી મેચ કે અન્ય કાર્યક્રમમાં જવા માટે મેટ્રો સૌથી સારો વિકલ્પ છે. સ્ટેડિયમથી માંડ 100થી 150 ફૂટના અંતરે જ મેટ્રો સ્ટેશન આવેલું છે. આઈપીએલની ચાલુ સિઝન દરમિયાન અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં ફાઈનલ સહિત કુલ 9 મેચ રમાઈ છે. આ મેચના દિવસો દરમિયાન 9 દિવસમાં જ 15.07 લાખથી વધુ શહેરીજનોએ મેટ્રોનો ઉપયોગ કરતા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનને 2.16 કરોડ રૂપિયાથી વધુની આવક થઈ છે. જ્યારે ફાઈનલ મેચના દિવસે મેટ્રોમાં 213336 લોકોએ મુસાફરી કરતા એક દિવસમાં 32 લાખની આવક થઈ હતી.